**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૭ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૬ ટકા



રાંદેસણ... ગાંધીનગર નજીક સાબરમતી નદીના કિનારે આવેલું એક ગામ... હવે તો એ જુનું ગામ શહેરમાં ભળી ગયું છે. નવા નવા મકાનો અને ફલેટની સ્કીમોએ મૂળ ગામને કયાંક હાંશિયામાં ધકેલી દીધું છે. પરંતુ કયાંક કયાંક હજુ પણ એ જુના ગામની સંવેદના ધબકે છે. આ ગામનો જીંજરસિંહ વાઘેલા નામનો યુવાન બાગાયત ખાતામાં નોકરી કરે છે. તેનું ઘર નદીની સમીપે... સાવ નજીક આવેલી નદીની કોતરોમાં અને વગડામાં રહેતી શાહુડી આ યુવાનની પરમ મિત્ર.. દરરોજ જમવાનો સમય થાય એટલે શાહુડી જીંજરસિંહ પાસે આવી જાય. શાક, રોટલી અને ભાત તેનો દરરોજનો ખોરાક થઈ ગયો છે. પહેલા તો આ શાહુડી કોઈ ના હોય ત્યારે બહાર મુકેલો ખોરાક ચુપચાપ આવીને ખાઈ જતી પરંતુ હવે તો તેને જીંજરસિંહ સાથે એવી દોસ્તી થઈ ગઈ છે કે તે તેના હાથમાંથી પણ ભોજન લઈ લે છે. કોઈ પણ ભય વિના તે જીંજરસિંહને ત્યાં આવનજાવન કરે છે. અદભૂત મિત્રતાની મિશાલ બની છે આ શાહુડી....

# સિવિલના કોરોના વોર્ડમાં દર્દીઓની સંખ્યા બમણી થઈ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર હોસ્પિટલના કોવીડ વોર્ડમાં દર્દીઓની સંખ્યા બમણી થવા પામી છે. થોડા દિવસ અગાઉ વોર્ડમાં માત્ર ૬ કે ૭ દર્દીઓ સારવાર હેઠળ હતા. ત્યારે હાલના સમયે આ વોર્ડમાં ૧૩ જેટલા દર્દીઓ સારવાર લેતા હોવાથી વોર્ડ હાઉસફુલ થઈ ગયો છે. ત્યારે અચાનક સારવાર લેનાર દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાતા તંત્ર પણ ચિંતિત નજરે પડ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજયભર સહિત પાટનગરમાં પણ કોરોના કહેર મચાવી રહ્યો છે. કોરોના સંક્રમિતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. કોવીડ ટેસ્ટ કરાવવા માટે નાગરીકો લાંબી લાઈનોનો સામનો કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલ ફરજ બજાવતા કોરોના વોરીયર્સ પૈકી ડોકટર્સ, સ્ટાફ નર્સ સહિત, કેટલાક કર્મચારી-અધિકારીઓને કોરોનાનો ચેપ લાગતા સિવિલની આરોગ્યલક્ષી સેવાઓને પણ અસર પહોંચી છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં પાંચમા માળે આવેલા કોવીડ વોર્ડમાં દર્દીઓનો આંકડો ગણતરીના દિવસોમાં ડબલ થઈ ગયો છે. વોર્ડમાં છેલ્લા બે દિવસમાં માત્ર ૬ કે ૭ દર્દીઓ હતા. ત્યારે હાલના સમયે ૧૩ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જયારે સિવિલ તંત્ર દ્વારા કોવીડ દર્દીઓ માટે વોર્ડ નં.૫૦૧ પણ તૈયાર કરી રાખવામાં આવ્યો છે. જયારે અચાનક અઠવાડીયામાં સારવાર માટે દર્દીઓની સંખ્યામાં વધારો થતા તંત્ર પણ ચિંતિત નજરે પડી રહ્યું છે. જયારે કોરોના પોઝીટીવ મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશન વિકલ્પ હેઠળ ઘરે સારવાર મેળવી રહ્યા છે.

**જન્મદિને વધામણી**



**અલકેશ સુખડીયા**
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૫



**કેતુલ ભાવેશકુમાર રાજવંશી**
મો. ૮૨૩૮૦ ૪૨૨૩૨



**જીનલ આશિષ વરીયા**
મો. ૯૯૨૪૫ ૩૨૭૦૪



**જીલ શાહ**

# ચિલોડા મુખ્ય બજારમાં કબૂતરની પાંખમાં ચાઈનીઝ દોરી લપેટાઈ જતાં જીવદયાપ્રેમીઓ દ્વારા રેસ્ક્યુ

ગાંધીનગર, તા. ૨૩

ચિલોડા મુખ્ય બજારમાં ચાઈનીઝ દોરી કબૂતરના પાંખમાં લપેટાઈ જતાં તડફડિયા મારતું પક્ષીને પકડીને દોરી કાઢી જીવદયાપ્રેમીઓ દ્વારા જીવ બચાવ્યો હતો. જીવદયાપ્રેમીઓ દ્વારા નકામી જોખમી કાતિલ દોરી વીણી તેનો નાશ કરવામાં આવ્યો હતો. પતંગો ઉડાડ્યા બાદ મુખ્ય બજારના કોમ્પલેક્ષો તથા દુકાનો અને ધાબા પરથી કાતિલ ચાઈનીઝ દોરીના ઝોલા અને ગુચ્છાઓ ગમે તેમ મુકી દીધા હતા. પરિણામે ગામના જાહેર રસ્તા તેમજ વીજ થાંભલાના તાર પર લટકતા કાતિલ દોરા પગમાં ભરાઈ જવા અને પક્ષીઓના પાંખ અને પગમાં ભરાઈ જવાના કિસ્સાથી અનેક પક્ષીઓ ઘાયલ થતાં કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર આપવામાં આવી હતી. એક કબૂતરની પાંખ અને પગમાં ચાઈનીઝ દોરી ફસાઈ જતાં તડફડિયુ મારતુ અબોલ પારેવું આમતેમ ઉડવા પ્રયાસ કરતુ હતુ. ત્યારે આ સ્થળે વેપારીઓ તથા માલધારી મહિલાઓએ કબૂતરને પકડી બચાવવા પ્રયત્ન કરતાં બે હાથથી કબૂતર ધીમેથી પકડી દોરી કાપી જીવ બચાવ્યો હતો.




## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પરમાર દમયંતિબેન મનુભાઈ,** ઉ.વ. ૬૨, સેકટર-૧૪
- **સ્વ. લાવેત્રા પારૂલબેન વસંતભાઈ,** ઉ.વ. ૪૯, સેકટર-૩
- **સ્વ. રાઠોડ સજનબા છત્રસિંહ,** ઉ.વ. ૮૫, સેકટર-૨૬
- **સ્વ. પટેલ નારાયણભાઈ જીવતરામભાઈ,** ઉ.વ. ૭૩, વાવોલ
- **સ્વ. વાઘેલા વિક્રમસિંહ જુગાજી,** ઉ.વ. ૭૦, લેકાવાડા
- **સ્વ. પટેલ શકરીબેન ઈશ્વરભાઈ,** ઉ.વ. ૮૫, સેકટર-૨૨
- **સ્વ. જોષી જગદીશચંદ્ર રમણલાલ,** ઉ.વ. ૬૮, ડભોડા
- **સ્વ. રાઠોડ રણવીરસિંહ ગણપતસિંહ,** ઉ.વ. ૪૪, દોલારાણા વાસણા

# 'સાયબેજ ખુશ્બુ'એ ૧૯ વિદ્યાર્થીઓને ૯.૧૧ લાખની શિષ્યવૃત્તિનું વિતરણ કર્યુ

ગાંધીનગર, તા.૨૩

'પરિવર્તન એ શિક્ષણનું અંતિમ પરિણામ છે' તેવા ઉદ્દેશ સાથે કાર્યરત સાયબેજ કંપનીના સીએસઆર યુનિટ 'સાયબેજ ખુશ્બુ' દ્વારા આજે ૧૯ વિદ્યાર્થીઓને કુલ રૂ.૯.૧૧ લાખની શિષ્યવૃત્તિનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે 'સાયબેજ ખુશ્બુ' દ્વારા વિવિધ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાંથી આ વર્ષે કુલ ૨૬ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે પસંદ કરવામાં આવ્યાં છે જે પૈકી આજે પ્રથમ તબક્કામાં ૧૯ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ચેકોનું વિતરણ કરાયું હતું.

વિદ્યાર્થીઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે સાયબેજ ખુશ્બુએ આજે




તા.૨૩મી જાન્યુઆરીને રવિવારના રોજ પસંદગી પામેલાં ૧૯ વિદ્યાર્થીઓને ગાંધીનગરમાં ઈન્ફોસિટી ટાવર-૨ સ્થિત કંપનીના પરિસરમાં શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે શિષ્યવૃત્તિ માટે પસંદગીની કડક પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આ વર્ષે ૨૬ નવા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં વ્યક્તિગત ઈન્ટરવ્યુ અને તેમના ઘરની મુલાકાત સુધીની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કામાં ૧૯ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૯.૧૧ લાખની શિષ્યવૃત્તિની રકમ આપવામાં આવી છે જે વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ, મેડિકલ, એમબીએ, બીસીએ વગેરે જેવા વિવિધ વ્યાવસાયિક અભ્યાસક્રમો કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ ગુજરાતની નામાંકિત યુનિવર્સિટી-કોલેજોમાંથી પસંદ કરાયાં છે જેમાં નિરમા યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, કેએસવી યુનિવર્સિટી, ચારુસત ગૃપ વગેરેનો સમાવેશ થાય છે. શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સાયબેજના વરિષ્ઠ મેનેજમેન્ટના અધિકારીઓ, સ્વયંસેવકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# કોબા પાસે પાર્ટી પ્લોટની બહાર ત્રણ ગાડીઓના કાચ તોડી ચોરી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર કોબા સર્કલ પાસે આવેલા ખાનગી પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગે આવેલી ગાડીઓ બહાર પાર્કીંગમાં ઉભી રાખી હતી. તે સમયે સાંજના સમયે ત્રણ થી ચાર ગાડીઓના કાચ તુટ્યા હોવાની ઘટના સામે આવી હતી. જયારે ગાડીમાંથી રોકડ, મોબાઈલ અને દાગીના ચોરાઈ ગયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. પરંતુ આ મુદ્દે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત સહિત પાટનગરમાં પણ શનિ-રવિવારના લગ્ન સમારોહ મોટીસંખ્યામાં હતા. કોરોના મહામારીમાં પણ ગણતરીના મહેમાનો વચ્ચે લગ્નો સમારોહ યોજાયા હતા.ત્યારે ગતસાંજના સુમારે કોબા ખાનગી પાર્ટી પ્લોટમાં ચાલી રહેલા લગ્ન સમારોહમાં અંદાજીત ૩ આમંત્રિત મહેમાનોની કારના કાચ તુટયા હતા.જે ત્રણ કારના કાચ ફુટ્યા હતા, તેમાં એક કારમાંથી અંદાજીત રૂ.૨૦ હજારની રોકડ, એક મોબાઈલ અને સોનાના દાગીના ની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે. એક સાથે ત્રણ કારના કાચ તોડી ચોરી થયાની જાણ થતા પોલીસ પણ બનાવ સ્થળે આવી પહોંચી હતી.

# ઉભરાતી ગટરો અને દબાણો બની સેક્ટર-૨૭ની મુખ્ય સમસ્યાઓ

## ગટરની ચેમ્બરો કે સ્ટ્રીટલાઈટના વીજપોલને પણ કમ્પાઉન્ડમાં આવરી લેતા વસાહતીઓના દબાણો : રોડના લેવલ એટલા ઉંચા ગયા કે વરસાદી પાણી છેક ઘરમાં ઘૂસે છે : ધૂળ ખાતું ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર અને રખડતાં ઢઓરનો ઉકેલ શોધતુ સેક્ટર-૨૭

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જુના સેક્ટર અને નવા સેક્ટર એવા બે ભાગમાં વિકસિત થયાના સમયને આધારે ઓળખાય છે પરંતુ શહેરમાં એક સેક્ટર એવું પણ છે જેમાં જુનું સેક્ટર અને નવું સેક્ટર એવા બે ભાગ જોવા મળે છે. શહેરના સેક્ટર-૨૭માં જુના ભાગમાં બે સોસાયટીઓ વિકસિત કરાઈ હતી જેમાં આનંદનગર અને ગાયત્રી સોસાયટીનો સમાવેશ થાય છે. જયારે નવા ભાગમાં વધુ પાંચ સોસાયટીઓ વિકસિત કરાઈ જેમાં સ્વસ્તિક, શિવમ, શિવશક્તિ, સોમેશ્વર અને એકતા કોલોનીનો સમાવેશ થાય છે. સાત ભાગમાં વહેચાયેલા સેક્ટર-૨૭માં સરકારી આવાસો નથી પરંતુ જિલ્લા પોલીસવડા તથા રેન્જ આઈજીની કચેરી ઉપરાંત એસઆરપી કેમ્પસ અને વાયુદળનું એકમ સેક્ટરનો ઘણો ભાગ રોકી રહ્યું છે. બાકીના રહેણાંક વિસ્તારમાં નાગરિકોને સતાવતી સમસ્યાઓ અન્ય સેક્ટરો કરતાં ઓછી દેખાય છે પરંતુ જેટલી છે તે ઉકેલવી તંત્ર માટે માથાના દુઃખાવો બની જાય તેવી છે.

એક સમયે સાંઈબાબા મંદિર અને સેક્ટરનો કોર્નર જે ''ચોવીસ ચોકડી''થી ઓળખાય છે ત્યાં સ્થિત અંબાજી માતાના મંદિરે યોજાતી નવરાત્રી સુપ્રસિદ્ધ હતા અને આજે બંને મંદિરોની અસ્તિત્વ નથી તેવા સેક્ટર-૨૭માં આંટો મારીએ તો સારા રોડ-રસ્તા પહેલી નજરે ગમી જાય તેવા છે પરંતુ મહાનગરપાલિકાની છેલ્લી ચૂંટણીઓ અગાઉ સુધી વારંવાર અણધડરીતે કાર્પેટ પેવરીંગ કરીને બનાવી દેવાયેલા રોડના કારણે સેક્ટર-૨૭ના વસાહતીઓ માટે ચોમાસાની ઋતુ ત્રાસજનક બની જાય છે કેમકે રોડનું લેવલીંગ એટલું ઉંચુ આવી ગયું છે કે વરસાદી પાણી માત્ર વસાહતીઓના કમ્પાઉન્ડમાં જ નહીં પરંતુ ઘરમાં પણ ઘુસી જાય છે.

ચૂંટણી આવતા પહેલા રોડ પર ડામર પાથરી દેવો પરંતુ રોડના લેવલીંગ બાબતે કોઈ દરકાર નહીં કરવાની નીતિને કારણે વકરી ચુકેલી આ સમસ્યાની જેમ બીજી એક મુખ્ય સમસ્યા સે. ૨૭માં વોટબેંક સાચવવાની લ્હાયમાં વિકસવા દેવાયેલા આંતરિક દબાણોની છે જેના કારણે ગાયત્રી સોસાયટીથી માંડીને સ્વસ્તિક સોસાયટી સુધી ઈમરજન્સીમાં જો રાત્રિના સમયે આગ લાગે તો ફાયરબ્રિગેડનું વાહન




કે આકસ્મિક સમયે એમ્બ્યુલન્સને જવામાં તકલીફ પડી જાય તેવી હાલત થઈ ચુકી છે. દબાણકર્તાઓએ પોતાના પ્લોટને કવર કરી લીધા ઉપરાંત રોડ તરફ દબાણ કરીને પોતાના બગીચા બનાવી લીધા છે અને પછી રાત્રે તેમના વાહનો પાર્કિંગ થાય એટલે અન્ય વાહનને તો ત્યાંથી પસાર થવું પણ મુશ્કેલ થઈ જાય તેટલો સાંકડો રસ્તો વધે છે. કેટલાંક તો ગટરના ઢાંકણાં કે સ્ટ્રીટલાઈટના પોલ પણ પોતાના કમ્પાઉન્ડમાં આવી જાય તેટલું દબાણ કર્યુ છે.

સેક્ટર-૨૭ના અગ્રણી મનોજભાઈ રાવલ જણાવે છે કે ચોમાસામાં વરસાદી પાણીના ભરાવાને કારણે પડેલા ભૂવામાં જતુ પાણી ગટરલાઈનના નબળા બાંધકામને લીધે તેમાં ઘુસી જાય છે જેના કારણે ભૂવો પુરાતો નથી. વળી, સેક્ટરમાં રખડતી ગાયો અને ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શનમાં ધાંધિયા જેવી સમસ્યાઓ તે છે પરંતુ સેક્ટર ફરતેની કમ્પાઉન્ડ વોલ અધુરી બનાવાઈ છે જેના કારણે આનંદનગર અને ગાયત્રી સોસાયટી તરફનો ભાગ બાકી રહી ગયો છે. સેક્ટરના વધુ એક અગ્રણી બાલુભાઈ જોશીની ફરિયાદ છે કે સે. ૨૭ના બગીચામાં પાણી છાંટવાનો ફૂવારો બંધ હોવાથી બગીચો સુકાઈ રહ્યો છે. આ બગીચામાં લાઈટો બંધ હોવાની ફરિયાદ કરતાં સે. ૨૭ વસાહત મંડળના પ્રમુખ મહેન્દ્રસિંહ ચાવડાના મતે સેક્ટરમાં મુખ્ય સમસ્યા ગટરો ઉભરાવવાની છે અને સમસ્યા એટલી વિકરાળ છે કે લગભગ દર ત્રીજા-ચોથા દિવસે ક્યાંકને ક્યાંકથી ફરિયાદ આવે છે. ગટરો ઉભરાવવાની સમસ્યા સે. ૨૭ની લગભગ સાતેય સોસાયટીઓના વસાહતીઓને સતાવી રહી છે. આ સમસ્યા ઉકેલવી પણ ખૂબ અઘરી બની ચુકી છે કેમકે વસાહતીઓના દબાણો અને રોડના ઉપરાછાપરી બનાવી દેવાયેલા સ્તરોની નીચેથી જુની ગટરલાઈન બદલવી લગભગ અશક્ય છે. કદાચ નવી નવૈકલ્પિક ગટરલાઈન નાખવામાં આવે તો જ આ સમસ્યા ઉકેલાય તેવું ગાયત્રી સોસાયટીના પૂર્વ પ્રમુખ ડૉ. પી.ડી. પટેલનું માનવું છે.




●●●

''સેક્ટરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા સૌથી મોટી છે જેનાથી તમામ વસાહતીઓ પરેશાન છે. આ ઉપરાંત પાણીનો ધીમો ફોર્સ, રોડ રસ્તાના અણઘડ આયોજનથી વરસાદી પાણીનો ભરાવો, બગીચામાં બેદરકારી અને જાહેર સાફ-સફાઈમાં લાલિયાવાડીની સમસ્યાઓ સે. ૨૭માં સતાવી રહી છે. સેક્ટરનું ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર ધૂળ ખાઈ રહ્યું છે.''

**- મહેન્દ્રસિંહ ચાવડા, પ્રમુખ, સે. ૨૭ વસાહત મંડળ**

●●●

''સેક્ટરમાં વસાહતીઓ દ્વારા કરવામાં આવેલા દબાણોમાં ઘરની બહાર બનાવાયેલા બગીચા અને તેને ફરતે લગાવાતી ગ્રીન નેટને કારણે અકસ્માતનો ખતરો સર્જાઈ રહ્યો છે. સ્ટ્રીટલાઈટ પોલના ઢાંકણા કટાઈ ગયેલા હોવાથી વીજ કરંટનું જોખમ રહે છે. આ સાથે સેક્ટરમાં આરોગ્ય કેન્દ્ર કે સબ પોસ્ટ ઓફિસ જેવી સુવિધાઓનો પણ અભાવ છે.''

**- રામનિવાસ શર્મા, પ્રમુખ, સ્વસ્તિક સોસાયટી, સે. ૨૭**

●●●

''સે. ૨૭માં હાઉસિંગ બોર્ડના મકાનોમાં વસાહતીઓએ કરેલા પુષ્કળ દબાણાના લીધે અવરજવરના રસ્તા ખૂબ સાંકડા થઈ ગયા છે. આ અંગે અનેક રજુઆતો કરી પરંતુ વોટબેંકની રાજનીતિ આડે આવી જાય છે. સેક્ટરમાં અણધડ આયોજનથી રોડ-રસ્તાના લેવલ એટલા ઉંચા થઈ ગયાં છે કે ચોમાસામાં પાણી છેક ઘરમાં ઘુસી જાય છે.''

**- ડો. પી.ડી. પટેલ**
**પૂર્વ પ્રમુખ, ગાયત્રી સોસાયટી, સે. ૨૭**






આ ઉપરાંત સે. ૨૭ માટે મળતી ડીએસપી રૂટની શહેરી બસ સેવા બંધ થઈ ગઈ છે અને સીટી બસના બાલવા ચોકડી સુધીના રૂટ પણ ટાટા ચોકડીથી સીધા જતા હોવાથી રોડ નં. ૭ પર સીટી બસ મળતી નથી તેવી ફરિયાદ કરતા સ્વસ્તિક સોસાયટીના પૂર્વ પ્રમુખ કે.કે. પરમારના મતે સેક્ટરમાં આરોગ્ય કેન્દ્ર તથા સબ પોસ્ટ ઓફિસની સુવિધા પણ નથી. આ સાથે રખડતાં ઢોર ઉપરાંત કરડતાં કૂતરાંઓનો ત્રાસ પણ વસાહતીઓને સતાવી રહ્યો છે. સ્વસ્તિક સોસાયટીના વર્તમાન પ્રમુખ રામનિવાસ શર્માના મતે સેક્ટરમાં સ્ટ્રીટલાઈટોના વીજપોલના ઢાંકણા તુટેલાં અને કટાઈ ગયેલા હોવાથી જોખમી બન્યાં છે અને સેક્ટરમાં પાણીનો ફોર્સ ખૂબ ધીમો આવે છે જેને કારણે વસાહતીઓમાં મોટર ચલાવવાનું ચલણ વધી ગયું છે.

સેક્ટર-૨૭માં એક ડિસ્ટ્રિક્ટ શોપીંગ સેન્ટર વિકસાવવા પ્રયાસ કરાયો હતો પરંતુ તેની અયોગ્ય જગ્યા પસંદગીને કારણે તે બનાવ્યું ત્યારથી લગભગ બંધ હાલતમાં ભંગાર થઈને પડી રહ્યું છે તેવું જણાવતા મહેન્દ્રસિંહ ચાવડાની એ પણ ફરિયાદ છે કે સેક્ટરમાં ખુલ્લા કોમન પ્લોટમાંથી ઝાડી ઝાંખરા પણ દૂર કરાતા નથી અને જાહેર સાફ સફાઈમાં એટલી બેદરકારી છે કે રસ્તા પરથી ધૂળ-કચરો ખેંચી લેતુ મશીનવાળુ વાહન છેલ્લાં દસ વર્ષમાં માત્ર એક જ વાર સેક્ટરમાં જોવા મળ્યુ હતુ.

- પ્રતિભાવો આવકાર્ય : Samirtalod@gmail.com